# દિશાની બેઠકમાં જળસંકટનો મુદ્દો છવાયો

**અડવાણીની ઉપસ્થિતિમાં દિશાની બેઠક અને જિલ્લા સંકલન સમિતિમાં જળસંકટનો મુદ્દો છવાયેલો રહ્યો : દર સોમવારે મામલતદારકક્ષાએ બેઠકો યોજાશે : જિલ્લામાં પાણીની કોઈ ગંભીર સમસ્યા નહિ ઉભી થાય તેવો તંત્રનો દાવો**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં તોળાઈ રહેલા જળસંકટની સમસ્યા આજે જિલ્લા સંકલન સમિતિ તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી આયોજિત દિશાની બેઠકમાં સતત છવાયેલી રહેવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ધીમી ગતિએ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે અને આગામી દિવસોમાં ગરમીની તીવ્રતામાં વધારો થતાં જ પાણીની સમસ્યા ઘેરી બનશે.

આજે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં પણ જે ગામોમાં બોર બનાવવા જરૂરી હોય ત્યાં તાત્કાલિક કામ શરૂ કરવા માટે જિલ્લા કલેક્ટરે સૂચના આપી હતી.

દિશાની બેઠકમાં આ મુદ્દો ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ઉપસ્થિત કર્યો હતો. જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે ૧૦ ટકા રકમનો લોકફાળો ગામોએ જમા કરાવવાનો હોય છે તે રકમ જમા થયેથી આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

ડૉ. ચાવડાએ રજુઆત કરી હતી કે જિલ્લામાં બક્ષીપંચની વસ્તી વધુ છે એટલુ જ નહિ પંચાયતો પણ આર્થિક રીતે સક્ષમ નથી તેવા સંજોગોમાં સરકારે આ નિયમમાં છુટછાટ મુકવી જોઈએ. તેમણે ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી આવી રકમ ફાળવી આપવાની તૈયારી દર્શાવી હતી પરંતુ કલેક્ટરે સ્પષ્ટતા કરી હતી કે ધારાસભ્યો આવી જોગવાઈ સૂચવી શકતા નથી.

જિલ્લામાં હાલ ૧૩૮ એમ.એલ.ડી. પાણીનો જથ્થો પેયજળ તરીકે નર્મદામાંથી ફાળવવામાં આવે છે પરંતુ ડેમમાં આવક ઓછી હોવાથી આગામી દિવસોમાં શહેર સહિતના ગ્રામ્યવિસ્તારમાં જળકાપ તોળાઈ રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં જળસંકટને પહોંચી વળવા હવે દર સોમવારે મામલતદાર કક્ષાએ આ અંગેની બેઠક યોજવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં દરેક ગામની સ્થિતિને લઈ વિગતે ચર્ચાઓ થશે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઓવર એક્સપ્લોઈટેશન કેટેગરીમાં ગાંધીનગર જિલ્લો આવે છે. આ ઉપરાંત નર્મદાના પાણીમાં પણ ઘટાડો થશે એટલે જળસંકટ વધશે.

જો કે બીજી તરફ ઉનાળુ વાવેતર નહિ કરવા માટે અપીલ કરી છે.

કમાન્ડ એરિયામાંથી પણ સિંચાઈ માટે પાણી મળવાનું નથી તેથી ખેડૂતોમાં નિરાશાનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.

જો કે તંત્રના દાવા મુજબ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા ગંભીર બનશે નહિ. સંતસરોવર યોજના સાકાર થતાં ભૂગર્ભ જળના સ્તર સારા એવા ઉંચા આવ્યા છે. આ ઉપરાંત નર્મદા યોજના સહિત પાણી પુરવઠાની જૂથ યોજનાઓ દ્વારા પેયજળનો પુરતો પુરવઠો સૌને ઉપલબ્ધ થશે.

# અડવાણીના અધ્યક્ષ સ્થાને દિશાની બેઠક

ગાંધીનગર, તા. ૧૭

ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો. ઓર્ડિનેશન અને મોનીટરીંગ કમિટી (દિશા), ગાંધીનગરની બેઠક આજરોજ સાંસદ લાલકૃષ્ણ અડવાણીના અધ્યક્ષસ્થાને ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં સાંસદ અને બેઠકના અધ્યક્ષ લાલકૃષ્ણ અડવાણીએ પૂર્ણ થયા બાદ જિલ્લામાં વિવિધ યોજના અંતર્ગત થયેલ કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો તેમજ ગાંધીનગર ખાતે નવનિર્માણ થનાર રેલવે સ્ટેશન અને ફાઈવ સ્ટાર હોટલની કામગીરીને પણ કલેક્ટર પાસેથી માહિતી મેળવી હતી.

ગાંધીનગરના કલેક્ટર સતીષ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ સાંસદ લાલકૃષ્ણ અડવાણીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું.

આ બેઠકમાં સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ સિટી યોજના, અટલ મિશન ફોર રેજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગારંટી યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), દિનદયાળ અંત્યોદય યોજના, દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ વિકાસ કૌશલ્ય યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, ઈન્ટીગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ, પ્રધાનમંત્રી ગ્રામ સડક



● અનુસંધાન પાન-૭ પર

## બાળકોને ખુલ્લામાં બેસી ભણવા મજબુર ના કરો : ડૉ. ચાવડા

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જુની અને જર્જરિત શાળાના ઓરડાઓ તોડી નંખાયા પછી બાળકોને બેસવા માટે વૈકલ્પિક વ્યવસ્થા નહિ આપી બાળકોના હિત સાથે ચેડા કરવામાં આવી રહ્યાની ગંભીર ફરિયાદ આજે દિશાની બેઠકમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ કરી હતી.

તેમણે કોલવડા ચામુંડાનગર તેમજ કલોલના કસ્તુરીનગરમાં વર્ગખંડો તોડી પાડ્યા બાદ આજે વિદ્યાર્થીઓને ખુલ્લામાં ઝાડ નીચે બેસી અભ્યાસ કરવો પડી રહ્યો છે તે યોગ્ય નથી. જિલ્લા કલેક્ટર સતીષ પટેલે બેઠકમાં જ શિક્ષણ વિભાગના અધિકારીઓને તાકિદે વૈકલ્પિક વ્યવસ્થા કરવા અને ઝડપથી નવા વર્ગખંડોના બાંધકામની કામગીરી હાથ ધરવા માટેની સૂચના આપી હતી. આજની આ બેઠકમાં પાક વીમાની રકમમાં રાજ્ય સરકારે પોતાનો હિસ્સો ખેડૂતોને સીધો આપવાની વાત પણ ડૉ. ચાવડાએ કરી પાક વીમાને મરજીયાત કરવા સૂચવ્યુ હતુ. આ બેઠકમાં તેમણે ઈન્દિરા આવાસ યોજના જેવી ગરીબલક્ષી યોજના બંધ કરી અને પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મુકવાને લઈ જણાવ્યુ હતુ કે ગ્રામીણ વિસ્તારોમાં ગૌચરો કે ગામતળ બચ્યા નથી ત્યારે જમીન ક્યાં ફાળવશો. જિલ્લાતંત્રએ આ અંગેની કવાયત ચાલી રહી હોવાનું જણાવી કહ્યુ હતુ કે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૨૫ ચો.મી.ના પ્લોટ પર બાંધકામ કરવામાં આવશે. આ યોજના માટેની ડિઝાઈન તૈયાર થઈ ગઈ છે. તેમણે જણાવ્યુ હતુ કે આ યોજનામાં બેંકલોન માટે પણ તંત્ર દરમ્યાનગીરી કરશે તેમજ સહાય આપવાની પણ જોગવાઈ છે.

# અડવાણીનું રાજકીય મૌન એક પ્રશ્નાર્થ બન્યુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સાંસદ અને ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીનું રાજકીય મૌન સૌ ભાજપના નેતાઓ માટે પ્રશ્નાર્થ બની ઉભરી રહ્યુ છે.

આજે ગાંધીનગર ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી આયોજિત 'દિશા' બેઠકમાં હાજરી આપવા આવેલા અડવાણીએ મૌન પાળ્યુ હતુ.

તેમના આગમન સમયે પત્રકારોએ તેમની સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો તો તેઓ હાથ જોડી મીટીંગમાં વ્યસ્ત થયા હતા. આ પછી મીટીંગ બાદ પણ પત્રકારોની સાથે વાતચીત ટાળવાનો તેમણે પ્રયાસ કર્યો હતો. જો કે પત્રકારોએ મીટીંગ બાબતમાં પુછતાં તેમણે કહ્યુ હતુ કે યોજનાઓના અમલીકરણને લઈ તંત્ર દ્વારા સારી કામગીરી થઈ રહી છે અને હજુ વધુ સારી કામગીરી થશે. તેમણે રેલવે સ્ટેશન રિકન્સ્ટ્રક્શન પ્રોજેક્ટની કામગીરીને પણ બિરદાવી હતી. ભાજપના આ શિર્ષસ્થ નેતા સાથે ઔડાના પૂર્વ

● અનુસંધાન પાન-૭ પર



લીમડે આવ્યો મ્હોર... - ચૈત્રના કાઉન્ટ-ડાઉન સાથે લીમડા પર મ્હોર દેખાવા લાગ્યો... ચૈત્રના પ્રથમ પખવાડિયામાં લીમડાના મ્હોરનો રસ પીવાથી વર્ષ દરમિયાન બિમારીઓ આવતી નથી એવી પરંપરાગત માન્યતાના આધારે શહેરમાં આજથી મ્હોરની માંગ ઉભી થઈ છે... લીમડામાં રહેલા ગુણથી શરીરના આરોગ્યને ઉપયોગી છે... આયુર્વેદિક અને પારંપારિક શાસ્ત્ર મુજબ લીમડામાં એન્ટીબાયોટીક ગુણધર્મ હોવાને કારણે સામાન્ય બિમારી શરીરમાં વર્ષ દરમિયાન વર્તાતી નથી... આજથી પુનમ સુધી ઠેર ઠેર લીમડાના મ્હોર વેચાણથી પણ ઉપલબ્ધ બનશે... જ્યારે ગાંધીનગરમાં તો લીમડાના સંખ્યાબંધ વૃક્ષો હોવાને કારણે લીમડાનો મ્હોર સરળતાથી મેળવી શકાય છે...

## બેસણું



**સ્વ. બળવંતભાઈ વી. પટેલ**
અધિક્ષક ઈજનેર (નિવૃત્ત)

આદરણીય શ્રી બળવંતભાઈ વી. પટેલ
તા. ૧૧ માર્ચ ૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે.
સદ્‌ગતની પ્રાર્થના સભા/બેસણું
તા.૧૯ માર્ચ ૨૦૧૮, સોમવારના રોજ
સવારે ૯ થી ૧૧ રાખેલ છે.

સ્થળ :
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ,
કલેક્ટર કચેરી સામે, સેક્ટર : ૧૨, ગાંધીનગર

ગં. સ્વ. ભાનુબહેન બળવંતભાઇ પટેલ
સુનિલ બી. પટેલ — સંજય બી. પટેલ
દિપ્તી એસ. પટેલ — નીનીતા એસ. પટેલ
ડૉ. સોહમ એસ. પટેલ
ડૉ. રુતિકા એસ. પટેલ


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


# વિશ્વમાં બાળકો બહેરા-મુંગા ન રહેવા જોઈએ : ડૉ. રાજવીર

**ટેકનોલોજીનો ઉપયોગ આશીર્વાદરૂપ : સે-૭ સ્થિત નારાયણી ક્લિનીકમાં સરકારના સહયોગથી કોકલીયર ઇમ્પલાન્ટના ઓપરેશન વિનામુલ્યે થાય છે : અભિનવ ટ્રસ્ટના ઉમદા સહયોગથી ઉમદા કામગીરી : અત્યાર સુધીમાં ચાર બાળકીઓને સફળ ઓપરેશનના માધ્યમથી અવાજની પહેચાન મળી છે.**

ગાંધીનગર તા ૧૭

કોઈપણ બહેરાં મુંગા બાળકો દુનિયામાં હોવા ન જોઈએ...ટેકનોલોજીનો ઉપયોગ મહત્તમ થવો જોઈએ... જન્મથી મુકબધિર બાળકોને વિના મુલ્યે સાંભળતા અને બોલતા કરવા માટે ગાંધીનગરના ડૉ. જીજ્ઞેશ રાજવીર અને તેમના ટ્રસ્ટ દ્વારા સરકારના સહયોગથી ઉમદા તબીબી સારવાર પુરી પાડવામાં આવે છે. અત્યાર સુધી ડોકટરે ત્રણ બાળકીઓને સામાન્ય માણસની જેમ બોલતી અને સાંભળતી કરી તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવતી કેડી કંડારી છે. ડો જીજ્ઞેશ રાજવીર અને તેમની ટીમ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી સફળતાપુર્વક કોકલીયર ઈમ્પલાન્ટના ઓપરેશન કરવામાં આવી રહયા છે. ખાનગી હોસ્પિટલમાં કોકલીયર ઈમ્પલાન્ટના ઓપરેશનનો ખર્ચ ૮ થી ૯ લાખ રૂપિયા જેટલો થાય છે. જયારે ગુજરાત સરકાર અને અભિનવ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી સે-૭ સ્થિત નારાયણી ઈ એન ટી ક્લિનીક અને ઈમ્પલાન્ટ સેન્ટર ખાતે વિના મુલ્યે આ ઓપરેશન કરવામાં આવે છે. મુકબધિર બાળકો માટેની આ પ્રકારની સુવિધા ખાનગી હોસ્પિટલમાં અમદાવાદ, ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છમાં સર્વ પ્રથમવાર ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.

ડૉ. જીજ્ઞેશ રાજવીરે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે કોકલીયર ઈમ્પલાન્ટના ઓપરેશનમાં જન્મથી બહેરા મુંગા બાળક માટે બાળક ઉંમરમાં જેટલુ નાનુ હોય તેટલુ સારુ પરિણામ મેળવી શકાય છે. ડો રાજવીરે જણાવ્યું હતુ કે તેમણે કોકલીયર ઈમ્પલાન્ટના ઓપરેશન તેમણે વર્ષ ૨૦૦૯ થી કરવાનુ શરૂ કર્યુ હતુ. જયારે વર્ષ ૨૦૧૧ માં ગાંધીનગરની જ એક બાળકી ઉન્નતિનુ સફળ ઓપરેશન થયુ હતુ. ઉન્નતિ આજે સામાન્ય માણસની જેમ સાંભળી અને બોલી શકે છે. જયારે સરકારના સહયોગથી હવે આ ઓપરેશન તેમના ક્લિનીકમાં વિના મુલ્યે થાય છે. જયારે ઓપરેશન બાદ બાળ દર્દીને અપાતી સ્પીચ થેરેપીની ટ્રીટમેન્ટ પણ વિના મુલ્યે આપવામાં આવે છે. વિશ્વમાં જન્મદરની સામે દર ૧ લાખ બાળકો પૈકી ૪ બેરા મુંગા હોવાની તકલીફ સાથે જન્મે છે. આ તકલીફ અંગે જાણવા માટે બાળકના જન્મ એક ટેસ્ટ કરવામાં આવે છે. જેનાથી આ તકલીફ વિશે જાણી શકાય છે. સામાન્ય રીતે બાળકને કાંઇ સંભળાતુ ન હોય તેવા કિસ્સામાં માતા પિતા કે ઘરના વડીલોને પણ ખ્યાલ આવી જતો હોય છે. જેનાથી પણ આ તકલીફ અંગે ખ્યાલ આવી જતો હોય છે. જન્મ પછી કોઈપણ કારણવશ સંપુર્ણ બહેરાશ આવી હોય તો તેવા ત્રણ વર્ષ સુધીના બાળકો માટે આ ઓપરેશન ખુબ ઉપયોગી નિવડે છે. મુકબધિર બાળકોને સાંભળતુ બોલતુ કરવા માટેનુ કોકલીયર ઈમ્પલાન્ટ ઓપરેશન નારાયણી ઈ એન ટી ક્લિનીક અને કોકલીયર ઈમ્પલાન્ટ સેન્ટરમાં સરકારના સહયોગથી વિના





● અનુસંધાન પાન-૭ પર

# ટાઉનહોલના એ.સી. પ્લાન્ટના નવિનીકરણ માટે ૨.૫૦ કરોડના ખર્ચની દરખાસ્ત

**હોલના રીનોવેશનની યોજના વર્ષોના અંતે કાગળ પર : ટાઉનહોલને મરણપથારીએથી બેઠો કરવા રીનોવેશનની ચાર વર્ષથી વાતો જ થાય છે**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરનો એકમાત્ર ટાઇનહોલ મરણપથારીએ છે. ટાઉનહોલના રીનોવેશનની યોજના વર્ષોના અંતે કાગળ ઉપર પણ આખરી થઈ શકી નથી. આમ નાગરિકો અને કાર્યક્રમના આયોજકોએ રોજ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. ટાઉનહોલનો એ સી પ્લાન્ટ પણ ખાડે ગયો છે. આકરી ગરમીમાં શ્રોતાઓ પરેસેવે નિતરતા કાર્યક્રમમાં સજાના ભાગરૂપે બેઠા હોય તેવી દયનીય સ્થિતિ સર્જાય છે. આવા સંજોગોમાં ટાઉનહોલના રીનોવેશનના પ્રોજેકટના કોઈ ઠેકાણા પડયા નથી પરંતુ એ સી પ્લાન્ટના નવિનીકરણના પ્રોજેકટને અનુલક્ષી તંત્ર દ્વારા નવી દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. જેમાં સમગ્ર હોલના પ્લાન્ટને નવેસરથી તૈયાર કરવાનુ આયોજન વિચારણા હેઠળ છે.

જો કે આ કામગીરી પાછળ રૂ ૨.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જો કે તંત્ર દ્વારા વહીવટી મંજુરી માટે દરખાસ્ત તૈયાર કરી વિભાગને મોકલી દેવામાં આવી છે. આગામી દિવસોમાં આ દરખાસ્ત સંદર્ભે કોઈ નિર્ણય લેવાય ત્યારબાદ આગળની પ્રક્રીયા હાથ ધરાશે. રીનોવેશન પુર્વે એ સી પ્લાન્ટનુ કામ પુર્ણ થઈ જાય તો પણ શ્રોતાઓની મુંઝવણ પ્રમાણમાં દુર થાય તેવો સુર પણ ઉઠયો છે. જો કે ટાઉનહોલની બેઠક વ્યવસ્થા પણ શ્રોતાઓ માટે કસોટીરૂપ બની છે. ત્યારે રીનોવેશનના પ્રોજેકટ અંગે પણ હવે વિભાગે કાગળ પરના ચિતરામણમાંથી બહાર આવી નક્કર કાર્યયોજનાનો અમલ થાય તે દિશામાં આગળ કામગીરી કરવાની અનિવાર્યતા છે.

# ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં સંસ્કૃત અને કોમ્પ્યુટર વિષયની પરીક્ષા સંપન્ન

ગાંધીનગર તા ૧૭

બાર્ડની પરીક્ષા મધ્યાંતરે પહોંચી છે. જો કે અત્યારસુધી મોટાભાગના પ્રશ્નપત્રો સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તાયો છે. જયારે આજે પણ ધોરણ -૧૦ માં રજાનો દિવસ હોવાથી વિદ્યાર્થીઓ આગળની કસોટીની તૈયારીમાં ગળાડુબ બન્યા હતા. ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે કોમ્પ્યુટર અને સંસ્કૃત વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જિલ્લામાંતી ૩૬૫૫ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. જયારે ૧૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. આ ઉપરાંત કોમ્પયુટર વિષયમાં

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com